# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-09-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. રાજ્યના ગ્રામીણ વિસ્તારોના માર્ગોનું બે હજાર 605 કરોડ રૂપિયાના ખર્ચે સમારકામ કરાશે.
2. સુરત સાયબર ગુનાશાખાએ કામ અપાવવાની લાલચે વિદેશમાં ભારતીય યુવાનોનું શોષણ કરતા ત્રણ આરોપીને પકડ્યા.
3. ઑગસ્ટ મહિનામાં રાજ્યમાંથી અંદાજે એક કરોડથી વધુનો 46 ટન અખાદ્ય ચીજવસ્તુઓનો જથ્થો જપ્ત કરાયો
4. અંબાજી ધામમાં ભક્તિ, શ્રદ્ધા અને ઉમંગના મહાપર્વ ભાદરવી પૂનમના મેળાનો આજથી ભવ્ય શુભારંભ.
5. રાજ્યમાં ત્રીજી તારીખથી વરસાદનું જોર વધવાની આગાહી
6. **સુરતના ટૅનિસ ખેલાડી હરમિત દેસાઈએ ચેક રિપબ્લિક દેશમાં ટૅબલ ટૅનિસ સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો**

--------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GOVT ROAD NIRNAY

રાજ્યના ગ્રામીણ વિસ્તારમાં બારે મહિના સારી સપાટી ધરાવતા ટકાઉ રસ્તા બનાવવા માટે રાજ્ય સરકારે અંદાજિત બે હજાર 600 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. તે અંતર્ગત તમામ જિલ્લામાં પંચાયત હસ્તકના અંદાજે ચાર હજાર 196 કિલોમીટરના એક હજાર 258 માર્ગનું સમારકામ સહિતનું કામ કરાશે.

આ રકમમાં ઉત્તર ગુજરાત વિસ્તારમાં એક હજાર 609 કિલોમીટરના 487 માર્ગ, દક્ષિણ ગુજરાત વિસ્તારમાં એક હજાર 528 કિલોમીટર લંબાઈના 499 માર્ગ અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં એક હજાર 59 કિલોમીટરના 272 ગ્રામીણ માર્ગનો સમાવેશ થાય છે.

-------------

# SWACHHA BHARAT CONFERENCE

સ્વચ્છ ભારત મિશન ગ્રામીણના બીજા તબક્કામાં રાજ્યમાં 44 લાખથી વધુ શૌચાલયનું નિર્માણ થયું છે અને ગોબરધન યોજના હેઠળ 11 હજાર 223 બાયોગેસ પ્લાન્ટ બન્યા છે.

નવી દિલ્હીમાં સ્વચ્છ ભારત મિશન- ગ્રામીણ અંગે યોજાયેલી ગોળમેજી પરિષદમાં રાજ્યના ગ્રામવિકાસ મંત્રી રાઘવજી પટેલે આ માહિતી આપી.

તેમણે વધુમાં કહ્યું કે રાજ્યમાં આઠ હજારથી વધુ સામૂદાયિક શૌચાલય, પાંચ લાખ 13 હજાર વ્યક્તિગત સોકપીટ અને એક લાખ 36 હજાર સામુદાયિક સોકપિટનું નિર્માણ કરાયું છે. તેમજ 11 હજાર 740 પૃથક્કરણ ભાગનું નિર્માણ અને 20 હજાર 260 ઘરેઘરે જઈ કચરા એકત્રિત કરનારા વાહનની સુવિધા ઉપલબ્ધ થઈ.

-------------

# SURAT POLICE

સુરત પોલીસની સાયબર ગુનાશાખાની ટુકડીએ યુવાનોને થાઈલેંન્ડ મોકલી તેમનું શોષણ કરતા ત્રણ આરોપીની ધરપકડ કરી છે. આરોપીઓએ 40 જેટલા યુવાન સાથે છેતરપિંડી કરી તેમને પહેલા થાઈલેંન્ડ મોકલ્યા. ત્યારબાદ તેમને મ્યાંમાર મોકલી ચીનમાં ગુનેગારોને સોંપતા હોવાનું જણાયું છે. સમગ્ર ગુનામાં પાકિસ્તાની એજન્ટ સહિત 12 જેટલા લોકો જોડાયેલા હોવાનું સામે આવ્યું છે, તેમ સાયબર ક્રાઈમનાં DCP બિશાખા જૈને જણાવ્યું.

**(બાઈટઃ બિશાખા જૈન, DCP, સાયબર ક્રાઈમ)**

------------

# AKHADYA CHIJVASTU

રાજ્યમાં ગત ઑગસ્ટ મહિનામાં અંદાજે એક કરોડ 80 લાખ રૂપિયાની કિંમતનો 46 ટન અખાદ્ય ચીજવસ્તુઓનો જથ્થો જપ્ત કરાયો છે. રાજ્યના ખોરાક ઔષધ નિયમન તંત્ર- FDCA-એ કરેલી કાર્યવાહી અંતર્ગત મુખ્યત્વે ઘી, પામ તેલ કબજે કરાયું છે. FDCA-ના કમિશનર ડૉક્ટર એચ. જી. કોશિયાએ કહ્યું, વિવિધ ટુકડી બનાવી સુરત, અમદાવાદ, બનાસકાંઠા અને મહેસાણા જિલ્લા સહિત વિવિધ જગ્યાએ દરોડા પાડી કડક કાર્યવાહી હાથ ધરાઈ.

**(BYTE: DR. H. G. KOSHIA, COMMISSIONER, FDCA)**

-------------

# GST AAVAK

રાજ્યમાં ઑગસ્ટ મહિનામાં વસ્તુ અને સેવા કર- GSTની છ હજાર 470 કરોડ રૂપિયાની આવક થતાં તેમાં 13 ટકાનો વધારો થયો છે. ઑગસ્ટ 2024માં રાજ્યની GST આવક પાંચ હજાર 713 રૂપિયા હતી. આ સાથે ગત ઑગસ્ટ મહિનામાં રાષ્ટ્રીય કક્ષાએ GST આવકમાં 6.5 ટકાનો વધારો નોંધાયો.

ઉપરાંત ગયા મહિને રાજ્યને મૂલ્યવર્ધિત કર- વેટ હેઠળ બે હજાર 283 કરોડ, વિદ્યુત શુલ્ક હેઠળ 999 કરોડ અને વ્યવસાય વેરા હેઠળ 21 કરોડ રૂપિયાની આવક થકી કુલ 10 હજાર 172 કરોડ રૂપિયાની આવક થઈ છે.

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

## Ambaji melo

શક્તિપીઠ અંબાજી ખાતે લાખો માઈભક્તોની આસ્થાના સમા ભાદરવી પૂનમ મહામેળાનો આજથી પ્રારંભ થયો છે. કલેક્ટર મિહિર પટેલ સહિતના અધિકારીઓએ માઁ અંબાના રથનું પૂજન અર્ચન કરી, રથને ખેંચી આગામી ૭ સપ્ટેમ્બર સુધી યોજાનારા મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. આ સાથે જ બોલ માડી અંબે જય જય અંબેના નાદ સાથે અરવલ્લીની ગિરિમાળાઓ ગુંજી ઉઠી છે. આ પ્રસંગે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ રમેશ મેરજાએ નાગરિકોને મેળામાં પધારવા આમંત્રણ પાઠવ્યું..

**(બાઈટ - ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવશ્રી રમેશ મેરજા. )**

બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા પ્રશાંત સુમ્બેએ કહ્યું, પોલીસ વહીવટી તંત્ર, દ્વારા તમામ જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે.

**(બાઇટ પ્રશાંત સુમ્બે બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા)**

અંબાજી આવતા પદયાત્રીઓની સુવિધા માટે મુખ્ય કંટ્રોલ પોઈન્ટ અંબાજી ખાતે હેલ્પ ડેસ્ક શરૂ કરાયું છે. યાત્રિકોને કોઈ મુશ્કેલી જણાય તો 02749-262040, 262041, 262042 નંબર પર સંપર્ક કરવા જણાવાયું છે.

સાબરકાંઠાના અમારાં પ્રતિનિધિ જણાવે છે કે, જીલ્લાના દરેક માર્ગો પર અંબાજી પદયાત્રીઓ માટે સેવાકીય સંસ્થાઓ દ્વારા રહેવા, જમવા તથા આરોગ્ય સહિતની સુવિધા કરવામાં આવી છે.

-------------

# MULTI MEDIA PRADARSHAN- PALANPUR

પાલનપુર કેન્દ્રીય સંચાર બ્યૂરો દ્વારા ભાદરવી પૂનમના મેળામાં મલ્ટી મીડિયા પ્રદર્શન યોજાશે. બનાસકાંઠા જિલ્લા કલેક્ટર 3જી થી 07 સપ્ટેમ્બર સુધી ચાલનારા આ પ્રદર્શનનું ઉદ્ઘાટન કરશે.

આ પ્રદર્શનમાં સ્વચ્છ ભારત અભિયાન, પોષણ અભિયાન, યોગ ઉત્સવ, ડિજિટલ ઇન્ડિયા, ફીટ ઇન્ડિયા, એક પેડ મા કે નામ તેમજ ભારત સરકારની ફ્લેગશિપ યોજનાઓ અંતર્ગત સ્પર્ધાઓ, મનોરંજક કાર્યક્રમો, મલ્ટિમિડીયા પ્રવૃતિઓ યોજાશે.

-------------

# Vadodra ganesh visarjan

વડોદરા શહેરમાં ગણેશ વિસર્જન યાત્રા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ પેટ્રોલિંગ કરવામાં આવશે.

પત્રકાર પરિષદને સંબોધતાં શહેર પોલીસ કમિશનર નરસિંહા કોમારે જણાવ્યું કે જુનીગઢી વિસ્તાર ઉપરાંત શહેરના મુખ્ય માર્ગો, નદીકાંઠા અને તળાવ વિસ્તારોમાં પૂરતા પોલીસકર્મીઓની નિયુક્તિ કરવામાં આવી છે. ટ્રાફિક માટે અલગરૂટ તૈયાર કરવામાં આવ્યા છે, સાથે જ મહિલાઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને મહિલા પોલીસની પણ ફરજ ગોઠવાઈ છે. યાત્રા દરમિયાન CCTV કેમેરા, ડ્રોન સર્વેલન્સ તથા કમાન્ડ કન્ટ્રોલ રૂમ મારફતે સતત મોનીટરીંગ કરવામાં આવશે.

આ પ્રસંગે તેમણે શાંતિ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં વિસર્જન કરવા અને પોલીસ તંત્રને સહકાર આપવા નાગરિકોને અપીલ કરી હતી.

-------------

# WEATHER FORECAST

હવામાન ખાતાએ આગામી સાત સપ્ટેમ્બર સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. જ્યારે ત્રીજી તારીખથી ખાસ કરીને દક્ષિણ, પૂર્વ અને મધ્ય ગુજરાતમાં વરસાદનું જોર વધવાની સંભાવના છે. ઉપરાંત આવતીકાલે નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં

છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદ થઈ શકે છે. માછીમારોને પણ આગામી તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

-------------

# DAM STHITI

રાજ્યમાં વરસાદને કારણે જળાશયોમાં પાણીની વ્યાપક આવક થઈ છે, 80 જેટલા બંધ 100 ટકા ભરાયેલ છે. 108 હાઇ એલર્ટ પર, 30 એલર્ટ પર અને ૭ વોર્નિંગ પર છે.

મહીસાગર જિલ્લાના કડાણા બંધમાં પાણીની આવક થવાને કારણે ડેમના 10 દરવાજા ૬ ફૂટ ખોલી 98 હજાર 350 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. મહી નદી બે કાઠે થતાં કિનારાના 109 ગામને સાવચેત કરાયા છે.

પંચમહાલ જીલ્લાના પાનમ બંધમાં 1 દરવાજો 0.91 મીટર કરતાં બંધ ની સપાટી 127 મીટર છે. જેથી પંચમહાલ જિલ્લાના શહેરા અને મહીસાગર જિલ્લાના સંતરામપુર તેમજ લૂણવાડાના ગામોને સતર્ક કરાયા છે.

વાસણા બેરેજનું જળ સ્તર - ૧૩૧.00 ફૂટ થયું છે, જ્યારે ધરોઈ ડેમમાંથી ૬ હજાર ૬૬૨ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

સરદાર સરોવર બંધમાં હાલ પાણીનો સંગ્રહ 2 લાખ 99 હજાર 524 mcft છે. જે કુલ સંગ્રહના 89.66 % જેટલો છે.

-------------

# HARMIT DESAI SILVER

સુરતના ટૅનિસ ખેલાડી હરમિત દેસાઈએ ચેક રિપબ્લિક દેશમાં ટૅબલ ટૅનિસ સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો છે. 28થી 31 ઑગસ્ટ સુધી ઑમેગા રમતગમત કેન્દ્ર ખાતે યોજાયેલી WTT ફિડર ઑલોમોસ સ્પર્ધામાં તેમણે આ સિદ્ધિ મેળવી છે. ફાઈનલમાં ત્રીજા ક્રમાંક ધરાવતા હરમિત દેસાઈ ઇરાનના ખેલાડી નોશાદ અલામિયાં સામે 2—3થી હારી ગયા હતા.

અગાઉ તેમણે સ્થાનિક ખેલાડી અને અહીં બિન-ક્રમાકિત તરીકે રમેલા જાકુબ ઝેલિન્કાને 3-2થી હરાવ્યા હતા. શ્રી દેસાઈએ ક્વાર્ટર ફાઇનલમાં જર્મનીના બિન-ક્રમાંકિત લૉરેન્સ ડેવોસને ત્રણ-એકથી હરાવી સેમિ ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

-------------